





ખૂલી ગયાં છે ખાયકીનાં દ્વાર, ભારત બંધ છે,
મળ્યું મોકળું મેદાન કૌભાંડે, ભારત બંધ છે,
વેંચાઇ રહ્યું છે વિદેશી હાથ, ભારત બંધ છે,
ટેકે ટકી રહી છે સરકાર, ભારત બંધ છે




મળે સંસ્કાર
તલવાર બાજીના -
ઘર-આંગણે..
(નગરનાં બાળકોની સિધ્ધિ)

મમતા રૂઠી,
મુલાયમ કઠોર,
ને માયા શાંત
(મનમોહન મૌન)

## ચિંતન

**વિષ ભારસસ્રેણ ગર્વ નાયાતિ વાસુકિઃ ।**
**વૃશ્ચિકો બિંદુ માત્રેણ પ્રોર્ધ્વ વહતિ કંટકમ્ ॥**

'શેષ નાગના મુખમાં હજાર ગણો ઝેરનો ભાર હોવા છતાં તેનું તેને અભિમાન નથી અને નમ્રતાથી નીચો નમીને જ ચાલે છે, જયારે વીંછી પાસે તો માત્ર એક બૂંદ જેટલું જ ઝેર હોવા છતાં પોતાનાં કાંટો ઊંચો રાખી અભિમાનથી ચાલે છે.'

અભિમાન, છીછરા-અધીર-અજ્ઞાની પાસે થોડું જ્ઞાન-થોડી સત્તા કે થોડી સમૃધ્ધિ આવે કે તો તેનું અભિમાન-આછકલાઇમાં કૂદી ઉઠે છે. ધૈર્યથી નમ્ર રહી શકતા નથી. બેફામ બની જાય છે. 'કહેવત છે અધ જલ ગગરી છલકત જાય' અધૂરો ઘડો વધારે છલકાય છે.

ખરેખર જે જ્ઞાની-પંડિત-વિદ્વાન હોય છે તે સત્ય સમજતા હોવા છતાં, કોઇ સાચા ભાવથી સલાહ કે પ્રશ્ન પૂછે તો જ બોલે જવાબ આપે છે, પણ અધૂરા અને અજ્ઞાની લોકો પૂછ્યા વિના દરેકને - દરેક વાતમાં પોતાનો અભિપ્રાય તો આપે જ સાથે સલાહ-સૂચન અને માર્ગદર્શન પણ આપે છે.

અહીં આ વાત સમજાવવા શેષનાગ અને વીંછીનું સરસ ઉદાહરણ આપવામાં આવ્યું છે.

## સુવિચાર

- રાજકીય નેતાઓનું સંમેલન એટલે એકમેકને પછાડવા રમાતી શેતરંજની રમત - **અલિસ કૂક**
- રાજકારણી હંમેશાં પોતે ન્યાયપ્રિય અને નિખાલસ હોવાનો દાવો કરે છે પણ તેઓ કદી કોઇને સારું કે સાચું બોલતા જ નથી - **એન્ટોનિયો**
- રાજકારણીઓ પ્રજાને મૂરખ જ સમજતો હોય છે, તો પ્રજા પણ એને કંઇ સમજદાર તો નથી જ સમજતી - **એસ. ભટ્ટાચાર્ય**
- વિશ્વના તમામ દેશોને રાજકીય નહીં સાંસ્કૃતિક નેતાઓની જરૂર છે - **વિષ્ણુ પંડ્યા**
- નેતા એ રાજકીય જંગલનું હિંસક પ્રાણી છે - **એરિસ્ટોટલ**
- સત્તા અને સત્તાધીશો ધીમે ધીમે બધા જ માનવીય ગુણોનો નાશ કરે છે - **બર્ક**
- રાજકારણીઓ જોડે શાસ્ત્રાર્થ કરવો વ્યર્થ છે - **ઉમા ભારતી**

## બોધકથા

સુખ અને દુઃખ એ કોઇ બાબત-બનાવ કે એવી પરિસ્થિતિ છે જ નહીં. એ આપણા જ મન દ્વારા ઉત્પન્ન ઘટના છે. તમે મનથી કોઇ બાબત 'સારી' લાગે તો સુખ - એ જ મનથી જો બીજાને ન ગમે તો એને દુઃખ થાય, કોઇને ડોકટર 'બેડ રેસ્ટ' આરામની સલાહ આપે તો આળસુ ને 'સુખ' મને અને ફરતા રામને એ જ પરિસ્થિતિ દુઃખદાયક છે.

એક શ્રીમંત સંત પાસે ગયો, 'બાબા, મને સુખ કયારે મળશે? અને દુઃખ મારો પીછો કયારે છોડશે?

સંત કહે, તું તારા મનને સમજાવી શકીશ ત્યારે... સુખ કે દુઃખ જેવું કંઇ છે જ નહીં.

શેઠ કહે, પણ હું જેમ દુઃખનો અનુભવ કરી શકું છું એમ સુખનો અનુભવ કેમ થતો નથી.

અંતે એક ચીઠ્ઠી આપી, અને કહ્યું, આમાં લખ્યું છે તેનું ચિંતન-મનન-પ્રાર્થના દ્વારા રોજ કરજે કદાચ તને સુખ મળી જાય!

ચીઠ્ઠીમાં લખાણ આ પ્રમાણે હતું :

'હે પ્રભુ! આ જગતમાં જે કંઇ પરિવર્તન થઇ શકે તે કરવાની મને શક્તિ આપ! જો પરિવર્તન શક્ય ન હોય તો તે પરિસ્થિતિ સ્વીકારવાની મને શક્તિ આપ! આ બંને પરિસ્થિતિ વચ્ચે તો જે તફાવત છે તે સમજવાની મને દૃષ્ટિ આપ!'

# દરેક સફળ વ્યક્તિની પાછળ એક ઇતિહાસ હોય છે, એક સંસ્કૃતિ હોય છે, જેને જોતાં કંઇક જુદા જ પ્રકારનો ભાવ જાગે છે

## વ્યંગ લેખ : પાછું વળીને જુઓ તો?

**- નટવર હેડાઉ**

સફળ વ્યક્તિ માટે હંમેશાં એવું કહેવામાં આવે છે કે તેને એવો બ્રેક મળ્યો છે કે પછી તેણે કોઇ દિવસ પાછું વાળીને જોયું નથી. કોઇ નેતા મુખ્યમંત્રી કે વડાપ્રદાન બની જાય. ક્રિકેટનો કોઇ ખેલાડી ડબલ સદી ફટકારી દે, કોઇ અભિનેતા ફિલ્મ બોક્સ ઓફિસ પર હીટ થઇ જાય તો એવું કહેવામાં આવે છે કે તેણે પાછું વળી ને જોયું નથી. મને હજુ સુધી એ સમજાતું નથી કે પાછું વળીને જોવામાં તેમને શું મુશ્કેલી હતી. શા માટે તેમણે પાછું વળીને ન જોયું? સફળ થઇ ગયા એટલે અસફળતા ને ભૂલી ગયા. સાહિત્યકારો તો પોતાની આત્મકથા લખવાને બહાને પણ પાછું વાળીને જોઇ લે છે. પણ અન્ય ક્ષેત્રના સફળ વ્યક્તિઓ પાછું વળીને જોતા નથી, કદાચ સફળતાથી તેમની ગરદન જકડાઇ જતી હશે, ગરદન જકડાઇ જાય તો પાછું વળીને જોઇ શકાતું નથી. કદાચ પાછું વળીને એ માટે પણ ન જોયું હોય કે સફળતાનો માર્ગ ગુનાહિત હોય. પાછા ફરીને જોવાથી પોલીસ ઓળખી પણ લે. એવું બને કે પાછળ કોઇ આતંકવાદી ઊભો હોય. જો એવું જ હોય તો પાછા ફરીને ન જોવા છતાં તમે બચી શકો ખરા? આતંકવાદીઓનો હેતું તો ફક્ત આતંક ફેલાવવાનો હોય છે. તેમની તરફ પાછા ફરીને જુઓ કે ન જુઓ એ તો વખત આવ્યે તમને મારી જ દેશે.

હાં, નેતાઓની બાબતમાં આવાત વધુ લાગુ પડે છે કે તેઓ પાછું વળીને જોતા નથી. પાછું વળીને જુએ તો તેમને પોતાના મત વિસ્તારની જનતા જોવા મળશે. જનતા કાં તો વીજળીની માંગ કરતી હશે કે પછી પાણીની, ભારતની જનતા આવી નાની નાની માંગણી માટો પણ નેતાઓની તરફ જોતી હોય છે. તેથી જ નેતાઓ ચૂંટણી જીતી ગયા બાદ પોતાના મત વિસ્તાર તરફ ભૂલથી પણ પાછું વળીને જોતા નથી. વીજળી નેતાજીના ઘરે તો પેદા થતી નથી અને પાણીની સમસ્યા તો વિશ્વસ્તરની છે. ગામડાંની વાત શું કરવી શહેરના લોકો પણ અખબારો નથી વાંચતા. જો વિશ્વની એક તૃતીયાંશ વસ્તી પાણીની સમસ્યા સામે ઝઝૂમી રહી છે. તો તમારા ગામ માટે પાણી કયાંથી લાવવું. નેતાઓ એવા ગામમાં જવાનું પણ પસંદ નથી કરતાં જયાં સરપંચ તરીકે ચૂંટાઇ આવીને પોતાની રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હોય, આજકાલ તો ચોર અને ખીસ્સા કાતરૂંઓ પણ પાછું વળીને જોતાં નથી, અને આપણે વળી નેતાઓ પાસે પાછું વળીને જોવાની ઇચ્છા રાખીએ છીએ.

ઘણી વખત પોતાના ક્ષેત્રમાં અસફળ વ્યક્તિઓ પણ પાછું વળીને જોવામાં સંકોચ અનુભવે છે. આર્થિક રીતે અસફળ વ્યક્તિ પણ પાછું વાળીને જોતો નથી. કારણ કે તેની પાછળ ઉઘરાણી કરવવાળો ઊભો હોય છે. જેની પાસેથી તેણે પૈસા લીધા હતા. અથવા પેલો દરજી દેખાય છે જેની પાસે કપડાં સીવડાવી લીધા પછી હજુ સુધી સીલાઇના પૈસા આપ્યા નથી. હાં, પ્રેમીઓ જરૂરથી પાછા ફરીને તેમની પ્રેમિકા તરફ જોતા હોય છે. પણ કયારેક તો એ પણ પાછું વળીને જોવામાં આંખ આડા કાન કરે છે. એવું મોટા ભાગે ત્યારે જ બને છે જયારે પાછળ પ્રેમિકાનો ભાઇ ચપ્પલ લઇને ઊભો હોય કે પછી પોલીસ આવતી હોય. ક્રિકેટના બોલથી પડોશીના ઘરની બારીનો કાચ ફોડી નાંખનાર બાળક પણ પાછું વળીને જોતો નથી. કારણ કે અંકલ ખુબ જ વાત્સલ્ય ભાવે હાથમાં લાકડી લઇને ઊભો હોય છે.

ખરી વાત તો એ છે કે દરેક સફળ વ્યક્તિની પાછળ અભાવ રહેલો હોય છે. જે સફળ વ્યક્તિની પાછળ પડેલ હોય છે. પણ તેને પકડી શકાતો નથી. સત્તાધારી નેતાની પાછળ જનતા તો હોય જ છે પણ તેની પાછળ સિધ્ધાંતો, નૈતિકતા, સચ્ચાઇ વિગેરે પણ ઉભેલાં હોય છે. દરેક સફળ વ્યક્તિની પાછળ એક ઇતિહાસ હોય છે. એક સંસ્કૃતિ હોય છે. જેને જોતાં કંઇક જુદા જ પ્રકારનો ભાવ જાગે છે. દરેક સફળ વ્યક્તિ જાણે છે કે, સફળતા અને સિધ્ધાંત બન્ને કયારેક સાથે સાથે ચાલી શકતા નથી. તેથી જ કદાચ તે પાછું વળીને જોવાનું ટાળે છે.

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

**સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'**

## સમાચાર સેતુ

**● કવિ પ્રવિણ ગઢવીના કાવ્ય સંગ્રહ 'નિષાદ' નું વિમોચન થશે**

ગુજરાતી સાહિત્ય જગતમાં જેને સવાયા દલિત સાહિત્યકાર તરીકેની આગવી ઓળખ મળી છે તેવા સૂરજપંખી, બાયોનેટ, પડછાયો, તૂણીર, કવિનો અવાજ, આંતરવ્યથા, પ્રતિક્ષા, મધુવાતા ઋતાયને, મધુમય પૃથિવીર ધૂલી, સ્વર્ગ પર મનુષ્ય, સોહામણી રૂપેણ, મધ્યકાલીન કાવ્ય વિનોદ, આમ્ર મંજરી અને શબ્દ પાન જેવી માતબર કૃતિઓનાં સર્જક પ્રવીણ ગઢવીનો 'આસવ દ્વીપ' પછી ના તરોતાજા કાવ્યસંગ્રહનું પ્રાગટ્ય થઇ રહ્યું છે.

ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી અમદાવાદના ઉપક્રમે ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે તા. ૨૨-૦૯-૨૦૧૨ શનિવારના સાંજે ૫ : ૦૦ કલાકે કવિ પ્રવીણ ગઢવીના કાવ્ય સંગ્રહ 'નિષાદ' નું વિમોચન વરિષ્ઠ પત્રકાર, અને નિરીક્ષકના તંત્રી શ્રી પ્રકાશ ન. શાહનાં અધ્યક્ષ પદે સંપન્ન થશે. જેમાં અતિથિ વિશેષ પદે શ્રી ઇન્દુકુમાર જાની (તંત્રી : નયા માર્ગ) અને વક્તાઓ તરીકે શ્રી નીરવ પટેલ (દલિત કવિ), શ્રી ચંદુ મહેરિયા એક કર્મશીલ સમીક્ષક અને પ્રો. વિનોદ ગાધી કવિ અને વિવેચક ખાસ ઉપસ્થિત રહેનાર છે. સાહિત્ય સર્જકો, ભાવકો અને કવિના ચાહકોને પણ ઉપસ્થિત રહેવા કવિએ ઇજન મોકલ્યાં છે.

● કવિ માધવ રામાનુજને આગમી શરદ પૂર્ણિમાના દિવસે 'નરસિંહ મહેતા' એવોર્ડ જુનાગઢ ખાતે એનાયત થનાર છે. પૂજ્ય મોરારી બાપુ પ્રયોજિત આ એવોર્ડ રકમની દૃષ્ટિએ ગુજરાતી સાહિત્યનો સૌથી મોટો એવોર્ડ છે.

● મુંબઇની 'કલા ગુર્જરી' સંસ્થાના ઉપક્રમે 'ગીરા ગુર્જરી' પારિતોષિક આપવામાં આવે છે તે માટે સને ૨૦૧૦-૧૧માં પ્રકાશિત પુસ્તકો મોકલી આપવા આવેદન કરવા જણાવાયું છે. પ્રવેશપત્ર ભરવાની છેલ્લી તારીખ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૨ રાખવામાં આવી છે.

પ્રવેશપત્ર મેળવવા માટે સંપર્ક :
શ્રી દશરથ જોશી,
પુસ્તકાલય બિલ્ડિંગ, ડી.જે.રોડ (સ્ટેશન રોડ),
વિલે પાર્લે (પશ્ચિમ), મુંબઇ-૪૦૦૦૫૬
ફોન નં : (૦૨૨) ૨૬૧૮૮૪૪૨ છે.

● ગુજરાતી સાહિત્ય અકાદમી તરફથી 'ગુજરાતી સાહિત્યકાર કોશ' ની સંવર્ધિત આવૃત્તિ પ્રગટ થનાર છે. તે માટે ઓછામાં ઓછું એક પુસ્તક પ્રગટ થયું હોય તેવા સાહિત્યકારો ને નામ, સરનામું, ટેલિફોન નંબર, જન્મ તારીખ, સાહિત્યકાર તરીકેની ઓળખ (જેમ કે - કવિ, વાર્તાકાર, નિબંધકાર) તથા ઇ-મેઇલ આઇ.ડી. મોકલી આપવા જણાવાયું છે.

**સંપર્ક :-**
ડો. કિરીટ શુક્લ, સંપાદક શ્રી 'ગુજરાતી સાહિત્ય કોશ'
અભિલેખાગાર ભવન, સેકટર-૧૭
ગાંધીનગર-૩૮૨૦૧૭
મો.નં. ૯૪૨૬૦૩૬૨૮૪ છે.

# અહીં તો પથ્થર, રેતી, ઘાસ, ખાણો, કોલસા બધું પચી જાય છે, બે રેખાઓ સાથે સાથે ચાલે છે, ગરીબીની રેખા વધારે પહોળી થતી જાય છે

## વિકાસ

**- અનંત વ્યાસ**

બરાબર જમવાના સમય પર જ ભોજન-શોખીન ભાઈને ત્યાં પહોંચ્યો. જોયું તો ભાઈની થાળીમાં ઘી વિનાની બે - રોટલી અને ચમચોક શાક, બીજું કંઈ નહીં મને ઓવલો જોઈ કહે, 'જરા અહીં આવો તો, આ તાળીમાં તને કંઈ દેખાય છે.'

'હાં... આ બે કોરી રોટલી ને શાક.'

અરે - જરા ઝીણી નજરે બરાબર જો. આ રોટલી તળે - શાક વચ્ચે.. કંઈ દેખાય છે?

ના ભાઈ, તમારી થાળી તો સાવ સાફ છે.

'ગરીબ માણસના નસીબ જેવી. બરાબર... પણ આટલી આટલી જાહેરાતો થાય. ભાષણો ભરડાય. છાપાના પાના પર પાના ભરાય... તોય આપણને કેમ કંઈ નથી દેખાતું? તું વિરોધ - પક્ષમાં ભળી ગયો છો કે શું?'

ભાઈની વાતમાં મને કંઈ ગમ ન પડી, મેં ભાભી સામે જોયું તો કહે, આ તમારા ભાઈ... નિત ગાંડા કાઢે છે. થાળીમાં કંઈક શોધતા હોય તેમ જોયા કરે છે. કોણ જાણે થાળીમાં શું શોધે છે.

ભાઈ... તમે થાળીમાં શું શોધો છો?

હું શોધું છું પેલી વિકાસ રેખા... આપણો વિકાસ' તે વિકાસ રેખા ભોજનની થાળીમાં શોધવાની? મને એ સાંભળી હસવું આવ્યું.

'હાં વિકાસની પ્રથમ અસર સામાન્ય વ્યક્તિની થાળી પર થવી જોઈએ. એકાદ કઠોળ - છાસ - સસ્તા મળતા થાય તો વિકાસ થયો ગણાય. સૌ પોત-પોતાના શાસનમાં થયેલા વિકાસની વાતો કરે છે તે થયું. 'ચાલો' હવે તો સુખના દિવસો આવ્યા. એ ભલે એક ટંક - પણ પેટ તો ભરાશે, થાળીમાં એકાદ વસ્તુ વધશે... દૂધ નહીં તો છાશ મળશે... પણ...

'પણ શું...'

આ વિકાસે જ ભારે કરી. ૫ ટકા વિકાસ થયો ત્યાં તો થાળીમાંથી કઠોળ ને કચુંબર અદશ્ય થઈ ગયા. જયાં વાત ૮ ટકા એ પહોંચી. ત્યાં દાળ-ભાત અઠવાડિયે એક વખત થઈ ગયા. ૧૦ ટકા એ ફરસાણ ને મિષ્ઠાન્ન દિવાળીમાં જ જોવાના, ને ચાખવાનાં...

ભાઈ, આ ઘી-તેલ અદશ્ય થયા તે લાભ થયો ને... કૉલેસ્ટ્રોલ ડર ગયો. 'ન રહ્યો વાંસ, ન બજે વાંસળી...' આ મુડીરોકાણના આંકડા જોઈ મે તો થાય છે જાણે સોનાના ઝાડ ઉગ્યાં.

તે ઉગ્યા જ છે ને... જેને ખંખેરતા આવડે છે તે પ્રજાને ખંખેરે છે. જેની જેટલી તાકાત... જુઓને આપણા શેરીના નાકાવાળા ભાઈઓ...

હા, ખરો વિકાસ સાંધ્યો છે. પગમાં પગરખાં પહેરવાનો વેંત નહોતો. તે આજે...

ભાઈ... આ કુટેવ કહેવાય, એ બિચારા તો જનસેવા કરે છે. જનતા માટે દિ-રાત દોડતા રહે છે. તેમાં પગરખાં ઘસાઈ જાય ને નવા લેવાનો સમય જ કયાં હોય? વળી આપણા ગામના મોચી એના પગરખાં થોડો બનાવવોનો, તે પચ્ચીસ - પચ્ચાસ જોડી રાખે... બાકી કહો કેવા દોડાદોડી કરે છે?

હા... આઝાદી પહેલાં કહેવાતું 'ગાંધીમાં ભળશો તો ભીખ ભેગા થશો' ને આજે...

આજેય કહેવાય છે.... પક્ષમાં ભળશો તો સોનાના ઘૂઘરે રમશો... લોકો તો વાતો કરે, આવડત જોઈએ... આ તમારા જ મિત્ર.. સાઈકલ પર ખારી સીંગ વેચતા... ને આજે બબ્બે ગાડીઓ ધરાવે છે... કોણ કહે છે વિકાસ નથી થયો...

હા, તેની થાળીમાં વિકાસ દેખાય ખરો... પ્રામાણિકતાથી કામ કરો તો વિકાસ રેખા થાલીમાં ન અંકાય. તેને માટે તો સુવર્ણનું પાત્ર જોઈએ. સ્ટીલની થાળીમાં જે અંકાય કે દેખાય તે તો ગરીબીની રેખા...

અમારી વાતો ચાલી તો ભાભી અકળાયા ને કહે, આ તમે વાતે ચડ્યા ત્યાં રોટલી સુકાઈ ગઈ.... મને તો કયાંક વિકાસ દેખાતો નથી.

એ તારો નજર દોષ છે, એમ તો કોંગ્રેસને ગુજરાતનો વિકાસ નથી દેખાતો... ને ભાજપને ભારતનો... બાકી જુઓ ઘરમાં નળ આવ્યા. લાઈટ આવી. નદી કાંઠે ને પનઘટ આરે જવાનું ટળ્યું... સમય મળ્યો...

અરે, ધૂળ સમય મળ્યો, નળ કયારે આવશે તેની રાહમાં જ સમય વીતી જાય છે, ને લાઈટ તો કેવી ટકે છે તે સૌ જાણે છે. પનઘટ તથા નદીકાંઠો તો ગામની સ્ત્રીઓ માટે અમૃતવેલ ગણાય. વિકાસે નદી સુકવી નાખી સાથે માણસના મન પણ...

ભાભી ભલે તમે વિકાસ ન કહો, પણ આપણા પી.એમ. તો માન્ય અર્થશાસ્ત્રી છે. તે કહે છે (GDP) ગ્રોથ વધ્યો છે. ભારત પ્રગતિના માર્ગે છે.

હું - પાંચ કુટુંબ કરોડપતિ બને ને બાકીના ગરીબીરેખા નીચે સબડે, આપણી થાળી ખાલી થતી જાય ને તે લોકોની ભરાતી જાય... એજ વિકાસ ને...

ભાઈ, આ વિકાસ શોધવાને બદલે બે રોટલી ખાઈ લો. કદાચ કાલે એક જ રોટલી રહેશે...

પણ આપલું અનાજ પાકે છે... વેપાર થાય છે, તે બધું જાય છે કયાં?

કેમ, પેલા સાગર - કદરા લોકોના પેટમાં, ભીમને કુંભકર્ણ તો આજના આ લોકો પાસે ચૉકલેટ ખાતા બાળક જેવા... અહીં તો પથ્થર, રેતી, ઘાસ, ખાણો, કોલસા બધું પચી જાય છે. બે રેખાઓ સાથે સાથે ચાલે છે. ગરીબીની રેખા વધારે પહોળી થતી જાય છે, તેની નીચે જીવતા માનવ વધે છે, તો વિકાસ રેખા સાંકડી થતી જાય છે. સામાન્ય લોકો માટે 'એક ટંક' નું સૂત્ર ચાલે છે. હાં, આંકડાઓ મોટા - વાતો મોટી - વચનો અપરંપાર... આપણી એક જૂની કહેવત હતી. 'ન્યાત નું ખાય, મુસાભાઈના ચાને પાણી' તેના બદલે આજે કહેવાય છે, 'પ્રજાનું નેતા ખાય ને પ્રજાનું મળે હડસેલા ને ગાલી...'

ભાઈએ બે રોટલી ખાઈ ઑડકાર ખાધો... લોકોને લાગ્યું, પેટ. ભરાયું... બાકી વાત ''ભાઈ જાણે - ભાભી જાણે ને જાણે કંઈ નવરો ભોગી રે...''

# રીટેઈલ ક્ષેત્રમાં વિદેશી રોકાણની ભારતના અર્થતંત્ર પર અસરો

## ચર્ચા સભા

**- પ્રો. મિતેષ જયસ્વાલ**

ઊંઝામાં એક લગ્ન પ્રસંગે કરિયાણાના પ્રતિષ્ઠિત વ્યાપારી નારાયણકાકાને મળવાનું થયું. નમસ્કાર, આઇસ્ક્રીમ ખાતા ખાતા કાકાએ પ્રશ્ન પૂછ્યો "આ ભારતમાં છૂટક વેપારમાં ફોરેન વાળાને શું રસ? અને આપણે તેના વિરોધમાં શા માટે?" બિઝનેશ મેનેજમેન્ટના મારા 'ફંડામેન્ટલસ'ને બાજુ એ રાખી. ઉપસ્થિત વસ્તુ સ્થિતિમાં જ મને આ પ્રશ્નનો ઉત્તર દેખાયો.મેં કાકાને પૂછયું "આ 'અમૂલ' ના આઇસ્ક્રીમમાં દૂધ કયાંનું?" 'ભારતનું જ ને વળી', કાકા એ ઉત્તર વાળ્યો. "અને આ આઇસ્ક્રીમ બનાવ્યો કોણે?" "આપણી ડેરી એ." "અને લાવ્યા કયાંથી?" "અરે આપણાં જ ગામના વેપારી પાસેથી." "આ આઇસ્ક્રીમમાં કયાંય તકલીફ છે?" "ના ભાઇ ના, આતો બીજો કપ છે." કાકાએ હસીને કહ્યું, "તો પછી આ વેપારમાં અમેરિકાને નફો આપવાની જરૂર ખરી?" કાકાએ તારણ કાઢી કહ્યું, "સરકારનું નક્કી ફરી ગયું લાગે છે."

આ વાત સરળ છે કે કોઇ પણ માણસને સમજાઇ જાય પણ જેને સમજવું જ નથી, તેની સમજણ વિશે વાત કરવાનો કોઇ અર્થ નથી. માટે આવા સ્વૈચ્છિક અણસમજુ લોકોની વાત કર્યા વિના સરકારના આ દોઢ ડાહ્યા પગલાંની આપણા દેશના નાગરીકો, વેપારીઓ અને ઉત્પાદકો પર પડવાની વિપરિત અસારોની ચર્ચા કરીએ અને સમજવું છે તેવા આપણા દેશ બાંધવોને સમજાવીએ.

**● રીટેઇલમાં વિદેશી રોકાણ એટલે મોંઘવારી :**

આ મોટા મોટા મોલ બનશે તો તેના ખર્ચા કયાંખી નીકળશે? અરે ભાઇ, કન્યાના કેડે જ ભાર છે. શરૂઆતમાં આ લોકો ડિસ્કાઉન્ટની વાતો કરી લોકોને નાના વેપારીઓ તરફથી વાળી પોતાના તરફ આકર્ષશે અને બજાર ઉપર પૂરતું નિયંત્રણ પ્રાપ્ત કરી ઉત્પાદકોને પોતાના ઇચ્છિત ભાવો (MRP) પ્રોડક્ટસ પર છાપવા માટે મજબૂર કરશે.

આ ઇચ્છિત ભાવો (MRP) વાળા પ્રોડક્ટસ આ વિદેશી કંપનીઓ જૂના ભાવે જ ખરીદશે અને આ વધારેલા ભાવોમાં ડિસ્કાઉન્ટ આપશે. આમ ૧૦ રૂપિયાનો (MRP) સાબુ ૧૫ રૂપિયો નો (MRP) થશે અને એમાં ૨ રૂપિયા ડિસ્કાઉન્ટ સાથે ૧૩ રૂપિયામાં મળશે. આપણે મોંઘવારીના કારણો શોધીશું. ને સરકાર પગલાં લેવાનું આશ્વાસન આપશે! નાના વેપારીઓ આ ડિસ્કાઉન્ટ નહીં આપી શકે કારણ કે તેઓ મોટા જથ્થામાં ખરીદી કરી શકશે નહીં. અને કાયદાનું માન પણ સચવાશે એટલે કે છાપેલા ભાવ (MRP) કરતા વધુ તો નથી જ લેતા ને? બોલો ભાઇ લેવો છે આવો ભાર?

**● રીટેઇલ વિદેશી રોકાણ એટલે વેપારીને નોકર બનાવવાનું ષડયંત્ર :**


આ વિદેશી કંપનીઓ બજારમાં એકાધિકારવાદ સ્થાપવા માટે પહેલાં તેઓની દુકાનોનું (મોલ) વિશાળ નેટવર્ક ઊભું કરશે અને ત્યાર બાદ તમામ દુકાનો માટે ઉત્પાદકો પાસેથી સીધો માલની જથ્થામાં ખરીદી કરી મોટા ડિસ્કાઉન્ટ મેળવશે. આ ડિસ્કાઉન્ટેડ માલ દ્વારા ગ્રાહકોને પોતાની તરફ આકર્ષી નાના દુકાનદારોનો વ્યવસાય ખતમ કરશે. સ્થાનિક દુકાનદારો હોલસેલર પાસેથી પ્રમાણમાં નાના જથ્થામાં ખરીદી કરતા હોઇ આવું ભારે ડિસ્કાઉન્ટ આપી શકશે નહીં અને તેઓએ ધંધા બંધ કરવા પડશે, ભારતમાં જયાં લાખોની સંખ્યામાં નાના વેપારીઓ છે અને દુકાનદતારો દેશમાં ૪ કરોડ લોકોને રોજગારી આપે છે ત્યારે વિદેશીઓને પોષવા આપણાં જ ભાઇઓને બેરોજગાર કરવા એ કેટલે અંશે વાજબી છે. ભાવોની આ સ્પર્ધામાં સ્વ. રાજીવ દિક્ષિત અને સ્વદેશી જાગરણ મંચ જેનો સદાય વિરોધ કરતા આવ્યાં છે તેવી વિદેશી કંપનીઓ આંતરરાષ્ટ્રીય સ્તરે સંધિઓ કરી ભારતમાં તેમનાં જ વિદેશી રીટેલર સાથીઓને સાથ નિભાવશે અને સ્વદેશી વેપારને ખતમ કરી નાખશે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૨૨મી સપ્ટેમ્બર**




● વિદ્યુતક્ષેત્રે કરેલાં પ્રયોગોનાં લાભ આપણને ટેલિફોન, તાર, વેક્યુમ ક્લીનર અને વોશિંગ મશીનમાં મળી રહ્યા છે તેવા સુપ્રસિધ્ધ વૈજ્ઞાનિક માઇકલ ફેરાડેની આજે જન્મજયંતિ ૨૨, સપ્ટેમ્બર.

૧૭૯૧માં જન્મેલાં ફેરાડએ ચુંબકત્વનું વિદ્યુત પ્રવાહમાં રૂપાંતર કર્યું હતું. સતત પ્રયોગશાળામાં મચી રહેનારા આ વૈજ્ઞાનિકે "ફિલ્ડ થિયરી" આપી, ૨૬-૮-૧૮૬૭ માં તેમનું અવસાન થયું.

● ૬૨૨ : હજરત મોહમ્મદ રસુલ્લાહે મક્કાથી શરૂ કરેલી હિજરત મદીના પહોંચી.

● ૧૯૨૧ : ગાંધીજીએ પહેરણનો ત્યાગ કર્યો.

● ૧૯૩૩ : વિઠ્ઠલભાઇ પટેલનું જીનિવા ખાતે અવસાન.



● ૧૯૭૪ : ભાષાવિદ, રવિન્દ્ર સંગીતના જ્ઞાતા - સૌમ્યેદ્રનાથ સુધીન્દ્રનાથ ઠાકુરનું અવસાન.